ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૦

અંક : ૭

## આત્મસંયમ

ખાનગીમાં બીજાઓની નિંદા કરવી એ પાપ છે. તમારે તેનાથી દુર રહેવુ. ઘણી ઘણી વાતો મનમાં ઉઠેપરંતુ જો તમે તે વાણીમાં મુકો તો ધીરે ધીરે એમાંથી રજનું ગજ થાય છે. જો તમે ક્ષમાદ્રષ્ટિ રાખી ભુલી જાઓ તો બધી વાતનો અંત આવી જાય છે.

જે કંઈ અપવિત્ર છે તેની ઈચ્છા કરો નહી, તેનો સ્પર્શ પણ કરો નહી.

**Important Days of August**

1. Intl. Friendship Day
6. Hiroshima Day
8. World Senior Citizen's Day
9. Quit India Day,
9. Nagasaki Day
15. Indian Independence Day
18. Intl. Day of the World's Indigenous Peoples
19. Photography Day
29. Naional Sports Day

બીજાઓના દોષો વિશે કદી પણ બોલો નહી, ભલે તે ગમે તેટલા ખરાબ હોય. એમ કરવાથી કદી પણ કંઈ ફાયદો થતો નથી. દોષ વિશે બોલવાથી તમે કદી પણ કોઈને સહાયક થઈ શકતા નથી. તમે તેને અને વધારામાં તમારી જાતને પણ નુકશાન કરો છો. જે યોગ્ય રીતે સામાન્ય કામ કરી જાણે તે સારી રીતે ધ્યાન પણ ધરી શકે. ગંભીરતાની સાથે બાળસહજ નિખાલસતાને ધારણ કરો. સર્વની સાથે હળીમળીને રહો. બધા ગુમાની વિચારો છોડો. સાંપ્રદાયિક ભાવનાઓને તિલાંજલી આપો. નિરર્થક તકરાર કરવામાં મહાપાપ છે.

સ્ત્રોત : સ્વામી વિવેકાનંદ શતાબ્દી ગ્રંથમાળા

In a day,
when you don't come across any problems. You can be sure that you are traveling in the wrong path.
- Swami Vivekanand

**સ્વાર્થીપણુ એ નીતીથી વિરુધ્ધ છે, નિઃસ્વાર્થીપણુ એ જ સદાચાર છે.**

**ખેડૂતો**

પાછલા વર્ષોમા પૂરતા વરસાદના કારણે ગુજરાતમા કૃષિ આધારિત અર્થ વ્યવસ્થામા સુધારો જણાયો હતો. સૌરાષ્ટ્રના ખેડૂતો સુરતના હિરા વ્યવસાયકારો પર નિર્ભર હતા તેમાં જે ઓશીયાળાપણુ ઉભુ થયુ હતુ તેનો બદલો વાળવાની તૈયારી કરતા ખેડૂતને આ વર્ષ વરસાદની અછતના કારણે સહન કરવાનુ આવે તેવી સ્થિતિ પેદા થઈ રહી છે. છેલ્લા વર્ષોમા પોતાની આજીવિકા પોતાના રહેણાંકના સ્થાનેથી મળી રહે તેવી સ્થિતિનુ નિર્માણ થઈ રહયુ હતુ, યુવાનોમા પણ ખેતી કરવાની ઈચ્છા પ્રગટ થવા માંડી, આજીવિકા માટે સ્થળાંતર અટકવાની શરુઆત થઈ અને દિકરા–દિકરીના સગાઈ પ્રસંગોમાં હવે ખેતીની જમીન હોવાનુ મહત્વ ઉભુ થવા લાગ્યુ.

કોઈ મોટી યોજનાઓના અભાવે સિંચાઈની વ્યવસ્થા આ વિસ્તારમાં ન હોવાથી તેમજ બારેમાસ વહેતી નદી એક સંભારણુ બની ગયુ છે ત્યારે છેલ્લા દસેક વર્ષમાં પાણી માટેના સ્થાનિક સ્ત્રોત ઉભા કરવા અને જાળવવા લોકોમા જાગૃતિ આવી જેના કારણે આવા સ્ત્રોતની આસપાસ રિચાર્જીંગની કામગીરી મોટા પાયે થઈ જેમાં ખેત તલાવડી, નાના મોટા ચેકડેમ, નાલાપ્લગ વિગેરેનો સમાવેશ થાય છે. આ કામોથી એવુ થઈ શકયુ કે માત્ર ચોમાસુ ખેતી થતી હતી તેવા વિસ્તારોમા ત્રણેય મોસમના પાક લેવાના શરૂ થયા. એક અલગ વાત છે કે તેની સામે ખેત ઉત્પાદન ખર્ચ પણ ખુબ વધવા સામે પોષણક્ષમ ભાવો મળતા નથી. પણ વધુ ઉત્પાદન મેળવી શકાય છે તેમ માની ખેડૂતોમા ખુશહાલી જોવા મળી.

જીનેટીકલ મોડીફાઈડ ક્રોપમાં મુખ્યત્વે બી ટી કપાસે આકર્ષણ ઉભુ કર્યુ, કારણકે પ્રથમ વર્ષે જોવા મળ્યુ કે કોઈ પણ જાતની દવાના છંટકાવ વિના વધુ ઉત્પાદન મેળવી શકાય છે. સારો વરસાદ અને આ પ્રકારના બિયારણો આવતા અગાઉ સતત ખોટ કરતા આ વ્યવસાય જીવતો થયો. ખેતીની જમીનોના ભાવો પણ ખૂબ વધ્યા. પરંતુ આ વર્ષે આ આકર્ષણ ઓછુ થયુ કારણ કે, બી ટી કપાસની ઘણી જાતો બજારમા આવી નકલી બિયારણોએ અવિશ્વાસ પેદા કર્યો તેમજ છેલ્લા બે વર્ષથી દવાનો છંટકાવ અગાઉ કરતા હતા તે મુજબ જ કરવો પડયો. જેનાથી ઉત્પાદન ખર્ચ ખુબ વધ્યો. આ વર્ષે ઘણા ખેડૂતોએ આ કપાસ વાવવાને બદલે અન્ય પાકો તરફ નજર ફેરવી છે.

આ વર્ષે અગાઉના વર્ષના પ્રમાણમા વરસાદ નહિવત છે. જેથી પાણીના મજબુત બનેલા સ્થાનિક સ્ત્રોત પહેલા જેટલા મજબુત ન રહે તો ફરી પાછા અન્ય સીઝનના પાક લેવા શકય ન બને તો ખેડૂતોએ વળી પાછા અન્ય વિકલ્પો વિચારવાની જરુર ઉભી થાય.

***વિશાળ થવાની કોશિશ કરો. યાદ રાખો ગતિ અને વૃધ્ધિ એ જ જીવનની એકમાત્ર નિશાની છે.***

## લોક ભાગીદારી

લોક ભાગીદારી શબ્દ હાલમાં દરેક ક્ષેત્રમાં ખુબજ ઉછળ્યો છે. પછી ભલે તે શબ્દથી લોક ભાગીદારીના લોકો જ સારી રીતે વાકેફ ન હોય લોક ભીગીદારીના કોઈ પણ કામમાં લોકો શ્રમદાન કે પછી નાણાકીય સગવડ કરી કામ કરી શકે, મોટા ભાગે આપણું માનવું આવું છે કારણ કે સરકારશ્રી ની ઘણી બધી યોજનાઓ આપણા સુધી પહોચી છે અને આપણે તેમા સહભાગી થયા છીએ .

ચાલો લોક ભાગીદારીને એક નવા રૂપમાં જોઈએ. ચુંટણી દરમિયાન લોકોના મતથી આપણા પ્રજાસતાક ભારતમાં આપણી ભાગીદારી સિધ્ધ કરીએ છીએ આ પણ એક



ભાગીદારી તો છે.

ઉપર નો ફોટોગ્રાફસ પણ લોક ભાગીદારી ના ફળ સ્વરૂપે નિર્માણ પામેલ ચકેડેમનો છે જે ખાભા તાલુકાના વાંકીયા ગામે આજથી લગભગ દસ વર્ષ પહેલા બનાવવામાં આવ્યો છે. પણ ત્યાં લોકોની સક્રીય ભાગીદારી હતી. તેનું બાધકામ ખુબજ મજબુત છે. આ મોસમ ના પહેલા વરસાદ થી જ તે છલો છલો ભરાયો છે. અને તેનાથી આજુબાજુના ખેડુતોને ફાયદો છે. ખરેખરની લોકભાગીદારી તો ત્યારે કહેવાય જયારે ઉપર મુજબના કામ પુરતી દેખરેખ હેઠળ બને અને જાળવણી થાય નહીતર પછી લોકભાગીદારીની મજાક ઉડાવતા હોઈએ તેવું લાગે.

– ભરત વાળા

### આ માસ થયેલ સંસ્થાની પ્રવૃતિઓ

| | |
|---|---|
| ૫–૬ | પેપર રીસાઈકલ તાલીમ ૨૦ વિદ્યાર્થીનીઓ સાથે. |
| ૧૯ | પેરાલીગલ બહેનો સાથે મીટીંગ. |
| ૨૦ | કારોબારી સમિતિ મીટીંગ |
| ૨૧ | કોરગૃપ મીટીંગ |
| ૨૧ | આઈસીડીએસના પ્રોગ્રામ ઓફીસરની સંસ્થા મુલાકાત. |
| ૨૬ | SKVAW કાર્યક્રમ અંતર્ગત યુવાગૃપ સાથે કાર્યશાળા. |
| ૨૮–૩૦ | SKVAW કાર્યક્રમ અંતર્ગત દસ્તાવેજીકરણ તાલીમ. |

**બીજાના ભલા માટે સાથે મળી કાર્ય કરતા શીખો.**

## કાગળનો ઉપયોગ
## (Reduce, Reuse, Recycle)

<u>સંશાધનોનો કરકસરયુકત ઉપયોગ</u>

આપણાં કાળજી પૂર્વકના ચીજ વસ્તુના ઉપયોગના લીધે સંશાધનોનો વપરાશ ઘટે તો બચેલી ચીજો અન્ય માટે ઉપયોગમા આવી શકે અથવા એટલા પ્રમાણમા કુદરતી સંશાધનોની બચત થઈ શકે છે.

<u>ઉપયોગમા લેવાયેલી વસ્તુનો ઉપયોગ</u>

એક બાજુ લખાયેલ અને એક બાજુ કોરો કાગળ હોય તો કોરા ભાગનો ફરીથી લખવામા ઉપયોગ કરી શકાય છે. વિદ્યાર્થી ઉપલા ધોરણમાં જાય ત્યારે તેના પુસ્તકો પસ્તીમાં ન આપતા તે જ ધોરણમા નવા આવનાર વિદ્યાર્થીઓને આપવામા આવે તો નવા પુસ્તકોની ખરીદીનો ખર્ચ બચે અને તેટલા પ્રમાણમા પુસ્તકો ન છપાય તો પર્યાવરણ બચે. વય વધવાના કારણે કપડા ટુંકા થવા લાગે ત્યારે તે તેને યોગ્ય ઉમરની વ્યકિતને પહેરવા માટે આપી શકાય. આમ, ઉપયોગમાં લેવાયેલ વસ્તુનો ફરી ઉપયોગ કરી પર્યાવરણ રક્ષણમાં યોગદાન આપી શકીએ.

<u>પુન : ઉપયોગ</u>

આપણી પાસે કેટલીય વસ્તુઓ બીનજરૂરી બન્યા બાદ તેનો ફરીથી ઉપયોગ કરી શકતા હોઈએ છીએ જેમ કે કુદરતી ખેતી, અળસીયાની ખેતી, કાગળનો પુન : ઉપયોગ વિગેરે

નકામી વસ્તુ એક પ્રકારનું કાચુ મટીરીયલ્સ છે કે જેની લોકોને વધુ જરૂર નથી તેને આપણે કચરા તરીકે ઓળખીએ છીએ. નકામી ચીજવસ્તુ એ પૃથ્વી પરની કુદરતી પ્રક્રિયા છે અને તેને આપણે ટાળી શકતા નથી. પ્રાકૃતિક રીતે આ બધાજ નકામા પદાર્થોનો ઉપયોગ કરી લેવામાં આવે છે. જેથી અંતે કોઈપણ પ્રકારના બીનજરૂરી પદાર્થો વધે નહી. દા. ત. સુકાયેલા પાંદડાનું જો ખાતર બનાવી લેવામાં આવે તો તે બીજા છોડને પોષણ પુરુ પાડવા માટે ઉપયોગી છે. તેવી જ રીતે વપરાયેલા કાગળને પસ્તીમાં કે નકામા કચરા તરીકે નિકાલ ન કરતા તેનો પુનઃઉપયોગ કરવાની જાણકારી હોય તો તેનાથી ઘણાં વૃક્ષો બચાવવામા ઉપયોગી થઈ શકીએ.

- શાળાની સ્ટેશનરી
- કમ્પ્યુટર સ્ટેશનરી
- ડ્રાફ્ટ પેપર
- કાર્ડ બોર્ડના ખોખા

વિગેરે રીસાયકલ થઈ શકે છે.

- ચળકતા કાગળ
- રંગીન કાગળ
- ન્યુઝ પ્રિન્ટ
- સામયીકો
- વધુ લખેલા કે જે ખુબજ શાહી વાળા છે.

તેવા કાગળો રીસાયકલ થઈ શકે નહી.

<u>પધ્ધતિ</u>

ઉપર દર્શાવ્યા મુજબના નકામા હોય તે કાગળો ના ટુકડા કરી આગલે દિવસે પલાળી રાખવા

જોઈએ. આ પલાળેલા ટુકડાઓને હાયડ્રાપલપર (જો ઉપલબ્ધ ન હોય તો ઘેર વપરાતા મિક્ષરનો ઉપયોગ થઈ શકે છે) માં નાખી મિશ્રણ તૈયાર કરવામા આવે છે. આ મિશ્રણને યુનીવટ (યુનીવટ ન હોય તો એક મોટી ટ્રેમા પાણી ભરી તેમા એક કાગળ બનાવવો હોય તે માપની જીણી ફ્રેમવાળી જાળીનો ઉપયોગ થઈ શકે છે) દ્વારા જાળી પર પાથરી મિશ્રણનુ સ્તર સમતોલ કરવામા આવે છે. તેમાંથી પાણી નીતારીને એક કપડા પર પાથરી સ્ક્રુ પ્રેસમાં પ્રેસ કરવામા આવે છે. આ પ્રેસ કરેલ ભીનો કાગળ એક દોરી પર કાપડના ટુકડા સાથે સુકવવામા આવે છે સુકાયેલા આ કાગળનો આપણે પુનઃઉપયોગ કરી શકીએ છીએ.

<u>રીસાયકલ પેપરનો ઉપયોગ</u>

- પ્રમાણ પત્ર,ફાઈલ
- પેન સ્ટેન્ડ
- લેમ્પનુ ખોખુ
- ઓફીસ સ્ટેશનરી
- કમ્પ્યુટર સ્ટેશનરી
- શોપીંગ બેગ
- ઔધોગીક પેકીંગ
- વિવિધ પ્રકારના કાર્ડ જેવાકે મુલાકાત કાર્ડ, આમંત્રણ કાર્ડ, જન્મદિવસ કાર્ડ, દિવાળી કાર્ડ, વેડીંગ કાર્ડ વગેરે
- કાગળની ડીસ,
- વાટકી, વિગેરે

**તો હવે ચાલો.**

૧ પ્લાસ્ટિકની બેગનો ઉપયોગ બંધ કરી પ્રદુષણ ફેલાતું અટકાવીએ.

૨ વસ્તુ ખરીદતી વખતે કાપડની/કાગળની થેલીનો ઉપયોગ કરીએ.

૩ કાગળ બનાવીએ, વૃક્ષો બચાવીએ, કાગળ નો ફરી ઉપયોગ કરી, કુદરતી સંપતીને બચાવીએ.



તા. ૫ અને ૬ *જુલાઈ* દરમ્યાન શાળામાં અભ્યાસ કરતા ૨૦ વિદ્યાર્થીઓ સાથે ઉપરોકત બાબતોને લઈ એક તાલીમ હરિરાજ સંસ્થામાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે યોજવામા આવી હતી.

પર્યાવરણ વિષે જાણકારીની સાથે આરોગ્ય પરની અસરો, બ્રેઈન મેપીંગ, જેન્ડર એજયુકેશનને વિવિધ પધ્ધતિઓ દ્વારા આ તાલીમમાં મુળ વિષય વસ્તુને આવરી લેવાયુ હતુ.

સંસ્થામા ઈન્સ્ટોલ કરવામા આવેલ રીસાયકલ પેપર યુનિટમા વિદ્યાર્થીઓએ જાતે વપરાયેલ કાગળોમાંથી નવા કાગળ બનાવ્યા હતા

**સમુદ્ર તરફ નજર રાખો, મોજા તરફ નહી.**

## લોક પેરવી (એડવોકસી)

કોઈ સંઘર્ષ કે સમસ્યાનુ નિરાકરણ લાવવાની પ્રક્રિયા ને લોક પેરવી કહે છે.

વકીલ તેના અસીલની સમસ્યાઓ બાબતે ન્યાયધીશને દલીલો દ્વારા સમજાવવાનો પ્રયાસ કરે છે તે લોક પેરવીનો એક પ્રકાર છે. આ કાર્ય માત્ર વકીલો જ કરે તેવુ નથી. કોઈ પણ વ્યકિત/ સંસ્થા દ્વારા વાટાઘાટો, દલીલો, સમજાવટથી, આગ્રહથી કોઈ સમસ્યાનુ નિરાકરણ આણવા પ્રયત્ન કરે ત્યારે તેને લોક પેરવી અથવા એડવોકસી કહેવામા આવે છે. આ પ્રકારના કિસ્સામા એક જ વ્યકિતની સમસ્યા કે તે આધારિત બાબતોને અસર પહોચતી હોય ત્યારે તેને વ્યકિતગત લોક પેરવી કહેવામા આવે છે જયારે આ બાબતો એક થી વધુ એટલે કે મોટા સમુહને કે સમસ્ત પ્રજાને અસર કરતી હોય ત્યારે તેને જાહેર લોક પેરવી કહેવામાં આવે છે.

એડવોકસી સામાન્ય રીતે જાહેર હિત માટે કરવામા આવતી હોય છે. જેમાં લાભ વંચિત અને અધિકાર વંચિત લોકોનુ જ હિત હોય.

અસરકારક એડવોકસીઃ

૧. મુદાઓ ઓળખવા અને તેનુ માળખુ રચવું.
૨. માહિતી એકઠી કરવી.
૩. રસ ધરાવતા લોકોને સક્રિય કરવા.
૪. નેટવર્ક બનાવવું.
૫. જોડાણો કરવા.
૬. સહયોગ સાધવો અને ટકાવી રાખવો.
૭. એડવોકસીનું આયોજન કરવુ.
૮. સમૂહ માધ્યમોને સાંકળવા.
૯. વિધાન મંડળ પર દબાણ લાવવું.
૧૦. લોકશાહી વ્યવસ્થાઓની અંદર સંપર્કો વધારવા

ઉપરોકત મુદા નં ૪ અને ૫ અનુસાર નેટવર્ક અને જોડાણ વચ્ચે પાયાનો ભેદ છે. આપણે જયારે નેટવર્ક બનાવીએ ત્યારે માત્ર માહિતીના આદાન પ્રદાનનો માત્ર હેતુ હોય છે. આપણે કામની વહેંચણી કરતા નથી. પણ જયારે કોઈ સંગઠન સાથે જોડાણ કરીએ ત્યારે આપણે કોઈ એક હેતુ પાર પાડવા માટે સહિયારો પ્રયત્ન કરીએ છીએ. જેમાં કામની વહેંચણી કરી ભેગા મળી કામ પુર્ણ કરીએ છીએ.

લોકશાહી સમાજમાં લોકો પોતાના અધિકારો પરત્વે જાગૃત રહે તે લોકોની પોતાની જવાબદારી છે. લોકોની વિધાનમંડળ પર એટલી અસર તો પડવી જ જોઈએ કે તેઓ લોકોને માટે ઈચ્છનીય હોય તે રીતે પગલા ભરે, ખાસ કરીને ગરીબ અને રાજકીય રીતે નબળા વર્ગોના હિતો પણ સચવાય. લોકોએ સહિયારા મુદાઓ પર હાથ મેળવીને પોતાની શકિત બતાવવી જોઈએ અને નોકરશાહીને લોકોના લાભ માટે શરુ કરવામાં આવેલી યોજનાઓ અને કાયદાઓનો અમલ કરવાની ફરજ પાડવી જોઈએ. જો તેમ થાય તો અસરકારક રીતે એડવોકસીનુ કાર્ય ચાલી રહયાનું જણાશે.

**પક્ષપાત એ બધા અનિષ્ટોનુ મુળ છે.**

## બ્લોક લેવલ ઈવેન્ટ

ખાંભા તાલુકામાં છેલ્લા દસેક વર્ષથી સ્ત્રીઓ સામે થતી હિંસાને સમજવા તથા તેના નિરાકરણો માટે વિવિધ પ્રવૃતિઓ સંસ્થાએ હાથ ધરી છે જેના ભાગરુપે આ વિસ્તારમાં મહિલા ન્યાય સમિતી, યુવા ગૃપો, તકેદારી સમિતી (વીજીલન્સ કમીટી) તથા પેરાલીગલ વર્કર કાર્યરત થયા છે.

સ્ત્રીઓ સામે થતી હિંસા અટકાયત અને સ્ત્રી પુરુષના ભેદભાવના મુદે ખાંભા તાલુકાના નાનુડી મુકામે શ્રી હમીરભાઈની વાડીએ તાલુકા કક્ષાની બ્લોક લેવલ ઈવેન્ટ યોજવામાં આવી હતી.

આ ઈવેન્ટમાં ૯૦ યુવાનો જોડાયા હતા. ન્યાય સમિતીના સભ્ય પુનીબેનએ આજના આ કાર્યક્રમમાં જોડાયેલ તમામ યુવાનોને પોત પોતાના ગામમાં બહેનોની થતી સતામણીના કિસ્સા પોતાના ગામની તકેદારી સમિતી મારફત મહિલા ન્યાય સમિતી સુધી પહોચાડવા અપીલ કરી હતી. તેમણે ન્યાય સમિતીની કાર્ય પધ્ધતિ સવિસ્તર સમજાવી.

યુવાનોની જુથ ચર્ચામાં સ્ત્રી હિંસા અટકાયત, છેડતી, ભેદભાવ, ઘરેલુ હિંસા અધિનિયમની માહિતીનો અભાવ ઉપરાંત સ્વચ્છતા, પીવાનુ પાણી, બેરોજગારી, વ્યસનો પર પ્રતિબંધ, ગ્રામ પુસ્તકાલય, વિદ્યાર્થીઓના વાલીની આર્થિક સંકડામણ, કન્યા કેળવણીમાં ભેદભાવ જેવા મુદા ઉપસી આવ્યા હતા. કોઓર્ડીનેટર શ્રી અશોકભાઈ, વિજયાબેન તથા ધીરુભાઈએ તેના પર ખુલ્લાં મંચમા ચર્ચા ચલાવી હતી.

ઉપસ્થિત થયેલ મુદા આધારિત આયોજન સત્રમાં યુવાનોએ સંગઠીત થઈ કાર્ય કરવા અંગેની સમજ એક રમત દ્વારા કેળવી. જેમાં સ્ત્રી હિંસાની બાબતો ન્યાય સમિતી સુધી પહોચાડવી, યુવા ગૃપોને સક્રિય રાખવા પ્રવૃતિઓ નકકી કરવી તેમજ સમયાંતરે કોમ્યુનીટી ઓર્ગનાઈઝરે મુલાકાત કરવી, પરસ્પર ગૃપોએ મળવાનુ રાખવુ તથા સહયોગ મેળવવો, યુવાનોની તાલીમ કરવી વિગેરે બાબતોનો સમાવેશ કર્યો હતો.





**નારીવર્ગની સ્થિતી સુધરે નહી ત્યાં સુધી જગત કલ્યાણની સંભાવના નથી.**

જુલાઈ ૨૦૦૮નાં "ટપક" અંક સહયોગ

**વિશિષ્ટ વ્યક્તિઓને વિશિષ્ટ રીતે બિરદાવવાં માટે પ્રસંગને અનુરૂપ**
**શિલ્ડ, મેમેન્ટો, તામ્રપત્ર, સન્માનપત્ર, સ્ટેચ્યું, વિગેરે બનાવનાર...**

# મહિલા ગૃહ ઉદ્યોગ, અમરેલી



**હનુમાનપરા, જી.આઈ.ડી.સી. ની બાજુમાં, અમરેલી - ૩૬૫૬૦૧**
**ફોનઃ- (૦૨૭૯૨) ૨૨૩૮૪૦, મો. ૯૪૨૬૯૬૮૧૭૮, ફેક્સઃ- (૦૨૭૯૨) ૨૨૩૮૪૦**



Publisher Printer, Hardik Vagadia on behalf of Shikhan Ane Samaj Kalyan Kendra (Educational & Social Welfare Centre) & printed at Geeta Graphics, F-1 Sahjanand market- Amreli and Published at 26-Omnagar (3), Amreli, Editor : Hardik Vagadia.

Post Regn. No. GAMI-91/2005 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/199152
Valid Upto Dec. 2008 Date Of Issue 1$^{s}$of month



ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org


*ઉભા થાઓ, જાગ્રત થાઓ, અને જ્યાં સુધી લક્ષ્યસ્થાને પહોંચો નહી, ત્યાં સુધી અટકો નહી.*